Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ · અંક : ૪૩ · તા.૧૯ થી ૨૫ ઑક્ટોબર ૧૩ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14





## નિર્મલ નજરે

### કચ્છી મોર





ફોટોગ્રાફર : નિર્મલ દંડને પ્રવાસનો શોખ છે, તેઓ પ્રકાશ સમીક્ષાના વાચકોએ કેમેરાની નજરે વિવિધતાનો સાક્ષાત્કાર કરાવશે

## સ્વસ્તિક ગ્રુપની ચૈત્યપરિપાટીમાં ભાવિકોએ વિવિધ સ્થળો ભાવથી ધર્મ આરાધના કરી



ડોંબિવલીનાં સુવિધિનાથ દેરાસરજીને પુજાકીટ અર્પણ કરતા ગ્રુપના સભ્યો



ગ્રુપના સભ્યો દ્વારા બલસાણાના પદમાવતી મંદીરમાં ચુંદડી ચઢાવવામાં આવી



દોડાંઈચાના દેરાસરજીમાં દર્શન કરતા ભાવિકો



પારોલા દેરાસરમાં ચામરથી પ્રભુજીની ભાવના



પારોલાના દેરાસરજીમાં ભાવના કરતા ભાવિકો



પારોલાના દેરાસરજીમાં ભાવના કરાવતા વિમલભાઈ કમલેશ શીયાડ



પાચોરા દેરાસરમાં સમુહ ચૈત્યવંદન કરતા ભાવિકો



પાચોરા દેરાસરમાં પુજાકીટ અર્પણ કરતાં ગ્રુપના સભ્યો



ધુલીયા દાદાવાડી દેરાસરમાં લાભાર્થી પરિવાર આરતી કરી રહ્યો છે

# સ્વસ્તિક ગ્રુપની ચૈત્યપરિપાટીમાં ભાવિકોએ
# યાત્રા પ્રવાસ અને સહજીવનનો પણ ભરપૂર આનંદ ઉઠાવ્યો



શ્રી વિનયભાઈ ધરમશીઅને ગ્રુપના પ્રમુખ જયેશભાઈ
લોડાયાએ શ્રીફળ વધેરી શુભારંભ કરાવ્યો



નેરમાં નવકારશી કરતા યાત્રિકો



ગ્રુપના આગેવાનો અને કાર્યકર્તાઓનું સન્માન કરતા
પારોલા સંઘના ટ્રસ્ટીઓ



અજીતભાઈ માલશી લોડાયાનું
ગ્રુપવતી સન્માન



વિમલભાઈ શીયાડનું
ગ્રુપવતી સન્માન



પાચોરા સંઘના ટ્રસ્ટીઓનું
ગ્રુપવતી સન્માન



પાચોરામાં સાધર્મિક ભક્તિનો લાભ
લેતા યાત્રિકો



પાચોરા સંઘ દ્વારા યાત્રિકોનું સંઘ પુજન



અમલનેર સંઘના ટ્રસ્ટીઓ દ્વારાગ્રુપના પ્રમુખ જયેશભાઈ
લોડાયા તથા ઉપપ્રમુખ રાજીવભાઈ ધરમશીનું સન્માન



મુખ્યદાતા માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવારના
કલ્પેશભાઈનું સન્માન કરતા ગ્રુપના પ્રમુખ-ઉપપ્રમુખ



કલ્પેશભાઈ મોતા સોળ ઉપવાસના તપસ્વી
ગૌતમ નરશી ખોનાનું સન્માન કરી રહ્યા છે



અતીથી વિશેષ કલ્પેશભાઈ મોતા, ચંપકભાઈ જીવાણી,
લલાપો, સતેન્દ્રભાઈ ધુલીયામાં યાત્રિકો સાથે જોડાયા





બસમાં ધાર્મિક રમતના વિજેતાને ગ્રુપ તરફથી ઈનામ




બસ સાથે યાત્રિકો

← ગ્રુપના સભ્યો અને યાત્રિકો સાથે અતિથી વિશેષો

## શ્રી સ્વસ્તિક ગ્રુપ - ડોંબિવલી દ્વારા સંઘરૂપે ધુલીયાનાં જીલ્લાના તિર્થોના દર્શન વંદન

પર્યુષણ પર્વ બાદ મહારાષ્ટ્રના ખાન્દેશ પ્રદેશના ધુલિયા જીલ્લામાં આવનાર તીર્થસ્થળે દર્શન-વંદન અર્થે સંઘ સ્વરૂપ જવાનું આયોજન શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી દ્વારા તા. ૨૦થી ૨૨ સપ્ટેંબર ૨૦૧૩ દરમ્યાન કરવામાં આવેલ.

વહેલી સવારે નેર પહોંચ્યા બાદ ૧૦૮ મનોવાંચ્છિત પાર્શ્વનાથ દાદા તથા ચમત્કારી ઘંટના દર્શન કરી નવકારશી વાપરી બલસાણા તરફ રવાના થયા. બલસાણા પહોંચી, વિમલનાથ દાદા તથા પદમાવતી દેવીની સેવા-પૂજા, બપોરનું જમવાનું પતાવી સંઘ ડોંડાઇચા પહોંચ્યો, જ્યાં શ્રી સંભવનાથ દાદાના દર્શન કરી ડોંડાઈચામાં ટ્રસ્ટીગણ તરફથી સંઘપૂજન કરવામાં આવેલ.

ત્યારબાદ પારોલા તરફ રવાના થયા. પારોલામાં ચોવિહાર-આંગીદર્શન - રાત્રે ભક્તિભાવનાની રમઝટ શ્રી વિમલ શીયાળ દ્વારા કરવામાં આવી. આરતીનો લાભ - માતૃશ્રી અરૂણાબેન જગદીશ લોડાયા, શ્રીમતી લતાબેન હીરાચંદ છેડા, શ્રીમતી નયનાબેન નરશી ખોના, મંગળ દિવાનો લાભ - શ્રીમતી જ્યોતીબેન વિનય ધરમશી પરિવારે લીધેલ તેમજ સવરના પૂજાનો લાભ - શ્રી સ્વસ્તિક ગ્રુપ દ્વારા, (મુળનાયક) શાંતિનાથદાદા આદિનાથ દાદા (ઉપર) ના પૂજાનો ચડાવો - શ્રી પ્રવિણ ભાણજી લોડાયા પરિવારે લીધેલ.

સવારે સેવા - પૂજા નવકારશી કરી પાંચોરા તરફ રવાના થયા. જ્યા શ્રી પાંચોરા સંઘે ઉષ્માભર્યું સામૈયું કર્યું. શ્રી સંભવનાથ દાદાના દર્શન કરી શ્રી પાચોરા સંઘ દ્વારા સર્વે યાત્રિકોને દુધપાક પીવડાવી સ્વાગત કર્યું. શુભ કાર્ય બદ્દલ પાચોરા સંઘે શ્રી સ્વસ્તિક ગ્રુપનું બહુમાન શ્રીફળ તથા હાર પહેરાવીને કરવામાં આવેલ તેમજ ગ્રુપ દ્વારા પાંચોરાના ટ્રસ્ટી-પદાધિકારીનું સન્માન શ્રીફળ, હાર તેમજ શાલ ઓઢાડીને કરવામાં આવ્યું. પરત પારોલા આવી બપોરનું જમવાનું વાપરી પારોલા ટ્રસ્ટી એવમ્ વહીવટકર્તા પદાધિકારીઓનું અનુમોદન શ્રીફળ, હાર અને શાલ ઓઢાડીને કર્યું. શ્રી મુલુંડ ગ્રુપે દ્વારા શ્રી સ્વસ્તિક ગ્રુપના પદાધિકારીઓનું સન્માન કર્યું અને સ્તકાર સમારંભ કરવામાં આવ્યો. ત્યાંથી અમલનેર તરફ રવાના થયા. જ્યા ૧૦૮ પાર્શ્વનાથ ગિરૂઆજી દાદાના દર્શન તથા ચા-પાણી, ગુરુવંદન કરી ધુલીયા તરફ રવાના થયા. ધુલિયા પહોંચી ચૌવિહાર કરી દર્શન કરી ગ્રુપના આમંત્રણને માન આપી પધારેલ

દાતા પરિવારના શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા મુરબ્બીશ્રી સત્યેન્દ્રભાઈ માણેકજી દંડ, શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો), શ્રી ચંપકભાઈ જીવાણીનું હાર્દીક સ્વાગત કરવમાં આવ્યું તથા શ્રેષ્ઠીવર્ય શ્રી કલ્પેશભાઈ મોતાનું બહુમાન ગ્રુપના પ્રમુખ શ્રી જયેશભાઈ લોડાયા દ્વારા શ્રીફળ, હાર અને શાલ ઓઢાડીને કરવામાં આવ્યું. શ્રેષ્ઠીવર્યો તથા મુરબ્બીયો હાજરીમાં તપસ્વીનું બહુમાન કરવામાં આવેલ. બાદમાં રાત્રે આરતી - માતૃશ્રી વેજબાઈ ભાણજી હીરજી લોડાયા - હસ્તે જિગ્નેશ જગદીશ લોડાયા અને મંગળ

**સંઘપૂજનના દાતા**

માતુશ્રી તારાબેન નવિનચંદ્ર ધુલ્લા (સે. ભરૂડીયા), માતુશ્રી તારાબેન માણેકજી મોતા (રાપરગઢવારી)

**પૂજાની કીટના દાતા**

**નેર જિનાલય** - શ્રીમતી પુષ્પાબેન જયંતભાઈ ખોના (તેરા),

**બલસાણા જિનાલય** - માતુશ્રી તારાબેન નવિનચંદ્ર ધુલ્લા (સે. ભરૂડીયા),

**બલસાણા (પદમાવતીદેવી મંદીર)** - શ્રીમતી હીના ગિરીશ ડાઘા (દલતુંગી),

**ડોંડાઈચા જિનાલય** - માતુશ્રી ધનલક્ષ્મીબેન હંસરાજ ધરમશી (સેવક ભરૂડીયા),

**પારોલા જિનાલય** - શ્રીમતી હેમલતા વિજય ધરમશી તથા શ્રીમતી લતા રમેશ ખોના,

**પાંચોરા જિનાલય** - શ્રીમતી દિવ્યાબેન વિશનજી નાગડા (સે.ભરૂડીયા),

**અમલનેર જિનાલય** - શ્રીમતી લતાબેન હીરાચંદ છેડા (વારાપધ્ધર),

**ધુળિયા જિનાલય** - એક સદ્‌ગૃહસ્થ

દીવો સોની પરિવાર દ્વારા કરવામાં આવ્યો. ત્યારબાદ શ્રી સંઘ મુંબઈ તરફ રવાના થયું.

કુલ ૩ બસમાં ૧૬૦ યાત્રીકોએ દર્શન-વંદનનો અનેરો લાભ લીધો. જેમાં ૧૨ તપસ્વી હતા, જેમના બહુમાનનો લાભ ગ્રુપને પ્રાપ્ત થયો. માતુશ્રી પુષ્પાબેન પાશ્વીર નાગડા (રંગપુર) પરિવાર તરફથી તપસ્વીને સુંદર ઘડિયાળ તેમજ આકર્ષક બેગની પ્રભાવના કરવામાં આવી. દરેકે દરેક તીર્થસ્થળ ઉપર પૂજાની કીટ દાતા પરિવાર દ્વારા અર્પણ કરવામાં આવેલ. સંઘપૂજન માતૃશ્રી તારાબેન નવિનચંદ્ર ઘુલ્લા અને માતુશ્રી તારાબેન માણેકજી મોતા એવમ્ સર્વ યાત્રિકોના અનુદાનથી રૂા. ૧૧૦નું સંઘપૂજન કરવામાંઆવેલ તથા સર્વના અનુદાનથી જીવદયા માટે રૂા. ૪,૫૦૦/- એકત્રીત થયા.

સમગ્ર યાત્રા દરમ્યાન શ્રી સ્વસ્તિક ગ્રુપના સર્વ કાર્યકર્તાઓ દ્વારા ભોજન ઇત્યાદિની સુંદર વ્યવસ્થા કરવામાં આવી. આમ સર્વ દાતા પરિવાર તથા યાત્રીકોના સુંદર સાથ સહકાર સાથે એક યાદગાર ચૈત્ય પરિપાટી ઉલ્લાસપૂર્વક સંપન્ન થઈ.

**અનુદમોદન :** જેમના સહયોગથી આ ચૈત્ય પરિપાટી એક યાદગાર સંભારણું બની ગયું એવા દાતા પરિવાર કે જેમણે તીર્થ યાત્રા કરાવવાનો મોંઘેરો લાભ લઈ, ધન્ય બન્યા એ સર્વે દાતા પરિવારની ભૂરી ભૂરી અનુમોદના.

**આભાર :** અમારી સફરમાં જોડાઈને અમોને સફળ બનાવવા બદલ તથા સુંદર સાથ સહકાર આપવા બદલ સર્વ યાત્રિકોનો ખૂબ ખૂબ આભાર. દરેકે દરેક તીર્થસ્થળના પદાધિકારીઓ તથા શ્રી ગોવિંદજીભાઈ સોની, શ્રી નિરવભાઈ સોની, શ્રી દિલીપભાઈ (પારોલા)ના સુંદર સહકાર બદલ ખૂબ ખૂબ આભાર.

સંપૂર્ણ યાત્રામાં શ્રી સ્વસ્તિક ગ્રુપના કાર્યકર્તાઓથી જાણતા કે અજાણતા તમારૂં દિલ દુભાયું હોય અથવા કોઈપણ જાતની ક્ષતિ રહી ગઈ હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમા યાચના મિચ્છામી દુક્કડ્મ. ભાવિ આયોજનમાં આવા સાથ સહકારની અપેક્ષા સહ.

**શ્રી સ્વસ્તિક ગ્રુપ - ડોંબિવલીના જય જિનેન્દ્ર**

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ નમઃ  શ્રી શામળીયા પાર્શ્વનાથ નમઃ

## શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - તેરા - એવમ્ શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ - મુંબઈ

### તેરા તીર્થે ચાતુર્માસ અનુમાદેનાર્થે ત્રિહાન્કિા મહોત્સવ
### કારતકસુદ - ૧૨-૧૩-૧૪ તારીખ : ૧૪-૧૫-૧૬ નવેમ્બર - ૨૦૧૩

શુભ આશિષ :- અચલગચ્છાધપતિ પ.પૂ. આ.ભ.શ્રી. ગુણાદેયસાગરસૂરીશ્વરજી મ.સા.

શુભ નિશ્રા :- પ.પુ. વિદુષી સાધ્વી શ્રી પુષ્પાશ્રીજી મ.સા.ના. - સુશિષ્યા
પ.પૂ. સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મ.સા.આદિ ઠાણા - ચાર

**શ્રી. કચ્છીદશા ઓસવાલ જૈન મણજન - તેરા - તથા શ્રી. તેકુલાધુ જૈન યુવક સંઘ - મુંબઈ ના ઉપક્રમે ચાલુ સાલે ભવ્ય ચાતુર્માસની ઉજવણીના અનુમોદનાર્થે એક ત્રિહાન્કિા મહોત્સવ નું આયોજન ગોઠવવામાં આવેલ છે. જેમાં સર્વે ભાવીકોને ઉષ્ણસભેર ભાગ લેવા સહર્ષ આમત્રંણ પાઠવીએ છીએ.**

**મહોત્સવની રૂપરેખા**

૧. કારતકસુદ - ૧૨ - ગુરુવાર - તા. ૧૪-૧૧-૧૩ શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પુજા બપોરે - ૨/૩૦ કલાકે

૨. કારતક સુદ - ૧૩ શુક્રવાર તા. ૧૫/૧૧/૨૦૧૩ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન બપોરે ૧૨/૩૯ કલાકે

૩. કારતક સુદ - ૧૪ શનિવાર તા. ૧૬/૧૧/૨૦૧૩ શ્રી સિધ્ધચક્ર મહાપુજન (લઘુ) બપોરે ૧૨/૩૯ કલાકે

વિશેષમાં :- કારતક સુદ - ૧૫ - રવિવાર તા. ૧૮/૧૧/૨૦૧૩ રાબેતામુજબ સામુહિક સ્નાત્રપુજા,
અને - શ્રી સધ્ધાચલ ભાવયાત્રા  કારતક વદ -૧- સોમવાર તા. ૧૯-૧૧-૨૦૧૩ ચાતુર્માસ પરિવર્તન...

* દરરોજ સવારનાં ૯/૦૦ કલાકે વ્યાખ્યાન રહેશે
* બન્ને ટાઈમની સાર્ધમિક વ્યવસ્થા શ્રી. સંઘના રસોડે રાખવામાં આવેલ છે.

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન તેરા તથા શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ - મુંબઈના જયજીરાવલ્લા / જય શામળીયા

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. ૯૩૨૪૬૧૮૬૦૬

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 43/2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# આનું નામ તે સર્વજનહિતાય, સર્વજન સુખાય: જ્ઞાતિએ ઝડપી લેવા જેવી અને ભાગ્ય ઘડવાની અતિ દુર્લભ તક

**- તિલકચંદ કુવરજી લોડાયા - ચેન્નઈ**

કચ્છી દશા ઓસવાલ જૈન સમુદાયના સમજદાર અને જ્ઞાતિ હિતને વરેલા વીરલાઓએ **કચ્છ ડેવલપમેન્ટ ઓર્ગનાઈજેશન હોપ ૧૦૦૦** નામનું સંઘઠન શરૂકર્યુ. તેના નામના પાછલા શબ્દોમાં તેનો ૧૦૦૦ ઘરો દ્વારા લોકોની રહેઠાણ સમસ્યા દૂર કરવાનો ઉદ્દેશ્ય સ્પષ્ટ થાય છે.

જ્ઞાતિ અને અન્ય જૈનો માટે આ ૧૦૦૦ ફ્લેટો બાંધવા પાછળનો એકમાત્ર ઉદ્દેશ બધા કેડીઓ જ્ઞાતિજનોને એક સ્થળે આધુનિક સુવિધાવળા સમુદાયમાં સુઘડ રહેઠાણ પૂરા પાડવાનો હતો, જેથી તમની સાંસ્કૃતિક, ધાર્મિક, શૈક્ષણીક, સામાજિક, આર્થિક, ડોક્ટરી અને બીજી આવશ્યતાઓ સારી રીતે પૂરી પાડી શકાય તેમજ જ્ઞાતિને સુખાકારી અને સમૃધ્ધીનાં નવા ઉંચા સ્તરે લઈ જઈ શકાય.

આ અતિ મહત્વાકાંશી ધ્યેય પાર પાડવા માટે થાણા જિલ્લાના ડોંબિવલી ઉપનગર ખાતે આશરે ૧૬ એકર જમીનના ડેવલપમેન્ટ્સ રાઈટસ (વિકાસ હક્ક) રજિસ્ટર ડોક્યુમેન્ટસ દ્વારા ખરીદવામાં આવ્યા. તે વખતે અર્બન લેંડ સીલીંગ એક્ટ (જમીન ઠોચ મર્યાદા ધારો) અમલમાં હોઈ જમીનની ખરીદી શક્ય નહોતી. મૂળ પ્રસ્તાવ પ્રમાણે અડધી જમીન પ્લોટ લેવા ઈચ્છુકોને વેચીને એ પ્રક્રિયા દ્વારા ઉભા કરાયેલા નાણાથી આ સંઘઠનની સમુદાય માટેના ધ્યેય રહેઠાણ સમસ્યા આદિની પૂર્તિના મુખ્ય ધ્યેય માટે બાકીની અડધી જમીન પ્રાપ્ત કરવાની હતી.

આ યોજનાને તાત્કાલીક ઉમળકાભર્યો પ્રતિસાદ મળ્યો તેમજ સમુદાયના લાંબા સમયના સ્વપ્ન સાકાર કરવા પ્રથમ અને સૌથી મહત્વનું પગલું ભરવામાં આવ્યું. જમીનનો કબજો લેવાયો અને આપણી જમીનની આસપાસ કમ્પાઉંડ દિવાલ બાંધી દેવામાં આવી.

અતિ મહત્વકાંક્ષી મોટા પ્રોજેક્ટોમાં ઊભી થતી મુશ્કેલીઓ પણ એવીજ મોટી હોય છે, ખાસ કરીને જ્યારે તે સામાજિક રીતે અને માનદ સેવાના ધોરણે થતું હોય ત્યારે.

જ્યારે એક સમસ્યા ઉકોલવામાં આવી તો બીજી ... ત્રીજી .... ઊભી થતી જ રહી અને સરકારી બાબુઓ પાસે કામ કરાવવાનું હોય ત્યારે એક દિવસનું કામ મહિનાઓ માંગે છે. વિલંબથી વળી બીજી સમસ્યાઓ ઊભી થાય છે. ગામડાઓ જ્યાં આપણી જમીન આવેલી હતી તેમને કોરપોરેશન (નગરપાલિકા) ની હદમાંથી બહાર કાઢી નાખવામાં આવ્યા. ડેવલપમેન્ટ પ્લાન પાસ થવા મોકલવાના હતા તે વખતે માત્ર ૦.૩૦ની એફ.એસ.આય ઉપલબ્ધ હતી. જોકે, થોડા વર્ષો પછી તેમને ફરીથી નગરપાલિકાની હદમાં લાવવામાં આવ્યા. ગ્રીન બેલ્ટ (હરિતપટ્ટો) અર્બન લેન્ડ સિલીંગ (શહેરી જમીન ટોચ મર્યાદા), લે-આઉટ (નક્શા) મંજૂર કરાવવા, ટાઈટલ્સ અને જમીન માલિકો, મેનેજમેન્ટ, રીઝર્વેશન વગેરે એક પછી એક સમસ્યા ઊભી થતી ગઈ અને તેના નિરાકારણ થતા રહ્યા.

જો શક્ય હશે તો એક વખત આ પ્રોજેક્ટ આકાર લેતો થાય કે ભાવી પેઢીને આ અનુભવમાંથી શીખવા મળે તે માટે પુસ્તક લખવામાં આવશે.

કહ્યું છેને કે કોઈ ઉમદા ધ્યેય માટે પુર્ણ નિષ્ઠા અને લગનથી કામ કરે તો આખી સૃષ્ટિ તેનું કામ પુરું કરીઆપવા માટે સક્રિય થઈ જાય છે.અત્યારે આવીજ કેટલીક ઘટનાઓ આપની જ્ઞાતિના સ્વપ્નને સાકાર કરવા માટે બની રહી છે. ઘણી સાનુકૂળ વાતો થઈ છે. અને આપણે આ શાસનદેવે પાઠવેલી સુવર્ણસંધી ખોવી ન જ જોઈએ.

લાંબી વાતચીત પછી શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધરણ ફંડોના ટ્રસ્ટએ આ પ્રોજેક્ટને વિકસાવવા સહમતી આપી છે અને તેના પ્રારંભરૂપે શરૂઆતમાં આ પ્રોજેક્ટ માટે રૂા. ૧૪ કરોડ ફાળવ્યા છે. તેઓ આ લાંબા ગાળાના પ્રોજેક્ટની વ્યવસ્થા કરવા અત્યારના ટ્રસ્ટીઓની મુદતની મર્યાદા ન નડે તેવી કાયમી સમિતી રચી રહ્યા છે.

હોપ ૧૦૦૦ નું સંચાલક મંડળ અને પ્લોટ ધારકો કદાચ આ પ્રોજેક્ટ પુર્ણ કરવા તથા સમુદાયના સ્વપ્નને સાકાર કરવા વધુ ઉદારતા ભર્યો સહયોગ આપશે. એવું જણાવા મળ્યું છેકે એક વખત આ પ્રોજેક્ટ શરૂ થઈ જાય તે પછી કેટલાક દાનેશ્વરી કે.ડી.ઓ. પોતાના ખર્ચે અમુક ફ્લેટો સમુદાયના ભલા માટે બંધાય એવી સારી ભાવના રાખી રહ્યા છે.

નોંધ લેતા ખૂબ ખૂશી થાય છે કે મહાજનની સર્વસામાન્ય મીટીંગમાં જ ઘણા પ્લોટ ધારકોએ જો રોકડ કે અન્ય રીતે વ્યાજબી વળતર અપાતું હોય તો તેમના પ્લોટના હક્કો શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટને સોપવા તૈયારી બતાવી છે. આનાથી શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટને વધુ મોટો જમીન વિસ્તાર જ્ઞાતિ ઉપયોગી કાર્યમાટે મળશે.

સહમત થયા અનુસાર ફ્લોટ ધારકોના લાભાર્થે બાકીની ૭૦% જમીનનું લીલામ કરવાની ટેન્ડર પ્રક્રિયા અંતિમ તબકકામાં છે.

એક વખત આ ધ્યેય સિધ્ધ થાય તે પછી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ દેશ અને દુનિયામાંના શ્રેષ્ઠ અને સૌથી વધુ પ્રગતિશીલ સમુદાયોમાંથી એક હશે.

ચાલો, આપણે વધા કે.ડી.ઓ. આ ઉમદા ધ્યેય માટે સંગઠીત થઈએ. તે કે.ડી.ઓ. માટે પડકાર ઝીલવાની રમત જેવું અને જીવનને ઘરમુળથી બદલી નાખનારું હશે. ચાલો, આપણે ઈતિહાસ સર્જીએ. જય જ્ઞાતિ મૈયા

# શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

## શ્રી ગુણ વિમલ કન્યા જ્ઞાન શિબિર વડાલા - મુંબઈ

શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘના આંગણે પ.પૂ.સા. જયરે ખાશ્રીજી મ.સા. આદિ ઠાણાંની નિશ્રામાં ૫ દિવસીય શ્રી ગુણ - વિમલ કન્યા જ્ઞાન શિબિરનું આયોજન થઈ રહ્યું છે. ૧૫ થી ૨૪ વર્ષની બહેનો ૫ દિવસ અત્રે રહીને પરમાત્માના અદભૂત તત્વ ને... મળશે. સમજશે... તેની સુવાસે જીવનને મધમધતું બનાવશે.

## વાચના શિબિર

જેમને આખો દિવસ રહેવાનું ન ફાવે તેવી ૨૪થી ૪૫ વર્ષ સુધીનાં બહેનો માટે બપોરના ૨.૩૦થી ૫ કલાક દરમ્યાન ૫ દિવસીય વાચના શિબિરનું આયોજન થશે. જેમાં જૈનમં જ્યતિ શાસનમ... ધર્મ શાસનની દુર્લભતા, મહાનતા અને સફળતા.. કેવી રીતે ? ધર્મમાં નિયમ... બંધન શું ? સર્વજ્ઞ કથિત નાનકડું અનુષ્ઠાન... લાભ કેટલા ! વિગેર વિવિધ વિષયોનાં પ્રવચનો દ્વારા... તથા વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ધર્મનું પ્રેક્ટીકલ સાત્વિક જ્ઞાન મેળવો. તો વડિલો ... તમારી વહુ-દીકરીઓને અવશ્ય શિબિરમાં - વાચના શ્રેણીમાં મોકલાવશો.

**વિશેષ જાણકારી માટે સંપર્ક શ્રી ગીરીશભાઈ લાલન - ૯૯૬૯૭૬૩૦૦૩ અને શ્રી સંઘ : ૨૪૧૨૫૬૬૮**
વાચના શ્રેણીબાદ ચોવિહારની સગવડ રાખવામાં આવેલ છે.
**શિબિર પ્રારંભ સોમવાર તા. ૪ નવેંબરથી શુક્રવાર તા. ૮ નવેંબર સુધી.**

એજલી. ટ્રસ્ટીઓ અને ચાતુર્માસ કમીટીના પ્રણામ

## માતા-પિતા પ્રત્યે સંતાનોનું કર્તવ્ય -પૂ. મુનિ શ્રી પ્રકાશચંદ્રજી

"ભગવાન મહાવીરે ઠાણાંગ સૂત્રના ત્રીજા ઠાણે ફરમાવ્યું છે, (૧) માતા-પિતા (૨) ભરણપોષણકર્તા શેઠ (૩) ધર્માચાર્ય (ધર્મગુરુ)- આ ત્રણનો ઉપકાર અનંત છે.

માનું મહત્વ સમજાવતી એક વાર્તા જાણીએ અને હૃદયમાં ઉતારીએ:

એક નાના ગામડામાં વિધવા માતાનો એક પુત્ર હતો. તેનું નામ હતું વસિષ્ઠ, સાથે કામ હતું વિશિષ્ઠ. તે ખૂબ ભણ્યો હતો. સમય જતાં એક શહેરમાં તેને સારી નોકરી મળી ગઈ. હસમુખો સ્વભાવ, ગંભીર-સરળ અને નમ્ર ચહેરો તેમજ નિષ્ઠાપૂર્વકની કામગીરીના કારણે તેણે સારી લોકપ્રિયતા મેળવી હતી.

તે સોમવારે દાખલ થયો ને શનિવાર સુધી એ સરની ચેમ્બરમાં ડોકાયો ન હતો, પણ શનિવારે તે મક્કમ પગલે આવ્યો, 'સર! આજે શનિવાર છે, હું જાઉં?' સરે ઘડિયાળ સામે જોઈને કહ્યું, 'મિસ્ટર! આપણે ત્યાં શનિવારની અડધી રજા હોતી નથી. ફૂલ ડે વર્ક હોય છે. એ આપણી કંડિશન ઑફ સર્વિસ છે.

વસિષ્ઠે કહ્યું, મને કોઈએ કહ્યું ન હતું સર!'

સર બોલ્યા, 'હશે... હવે જાણ્યું ને?'

'જી... મારી કંડિશન ઑફ સર્વિસ છે કે હું શનિવારે અઢી વાગે જઈશ અને સોમવારે એક વાગે આવીશ. તેણે મક્કમતાથી કહ્યું ને શાંત, મૃદુ, પણ મક્કમ ડગ ભરતો તે ચાલ્યો ગયો. સરને તેના પર ખૂબ જ સદ્‌ભાવ જાગ્યો.

સર વિચારતા રહ્યા કે મારી આટલી લાંબી કારકિર્દીમાં સામેથી કંડિશન ઑફ સર્વિસ આપે એવો કર્મચારી આવ્યો ન હતો. આવો આ એકજ છે. તેના દેખાવ પરથી તેના માટે કોઈ હલકો વિચાર કરી ન શકાય. કોઈ સાથે કશી લપ્પનછપ્પન નહિ, પ્રામાણિક પણ ખૂબ. ભાષા મધુર, ધીર ગંભીર છતાં રજા માટે તેણે આમ કેમ કર્યું હશે?'

વસિષ્ઠ સોમવારે આવ્યો ને દૃઢ સ્વરે કહ્યું, 'સર! કામ માટે આવી ગયો છું.'

ફરજ બજાવી ફરી શનિવારના અઢી વાગે આવ્યો, રજા લીધી ને ઑફિસ છોડી સોમવારે તે એક વાગે આવ્યો. આ ક્રમ ચાલ્યો.


★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE

**મહાવીર (માટુંગા સે.રે.)**

મહાવીર બિલ્ડીંગ કંમ્પાઉંડ, ભંડારકર રોડ, માંટુંગા (સે.રે)

**દશેરા – દિવાળી સેલ ધમાકા**

શનિવાર તા. ૫-૧૦-૨૦૧૩ થી રવીવાર તા. ૩-૧૧-૧૩

મહાવીરસ એમ્બ્રોડરી 24025070 / Mob. : 8652239537

**સેલ ૨૦% થી ૫૦% ડિસ્કાઉન્ટ**

- પારસી હેન્ડવર્ક, મશીનવર્કમાં સાડી અને કુર્તી
- ટેસ્ટેડ જરીની સાડી, ચાણિયા ચોળી
- બટ કસબની સાડી તથા બોર્ડર
- ઘરચોળા, બાંધણી માટે કટવર્ક, કસબ, ગોટા તથા ફેન્સીબોર્ડર
- ઢાકાઈ, પારસી, ફ્રેન્ચ નોટ, કાશ્મીરી, લખનવી, કચ્છી ભરત, દેશી ભરત, શેડો વર્ક, તાર વર્ક,
- પીટ્ટા વર્ક જેવી અનેક વેરાયટી તૈયાર તેમજ ઓર્ડરથી બનાવી આપીશું.
- તમારી બાંધણી ઉપર હૈદ્રાબાદી મીરર વર્ક, બાદલા વર્ક, નાકા ટીકી, તાર વર્ક, પીટ્ટા વર્ક કરી આપીશું.
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટરેશન કરી મજુરી ઉપર ૨૦ડ ડીસ્કાઉન્ટ.
- પ્લેઈન તથા ડાયેબલ સાડીમાં અનેક વેરાયટી

**સેમ્પલની સાડીઓમાં ૪૦% થી ૫૦% ડીસ્કાઉન્ટ**

જુની સાચી જરીની સાડી, ચણિયાચોળી, ઘરચોળા, બોર્ડર-સેલા સારા ભાવે વેચાતા લઈશું.

દિવાળી સુધી બધા દિવસો દુકાન ખુલ્લી રહેશે.

આ છૂટછાટથી અન્ય કર્મચારીઓને ઈર્ષા આવવા લાગી. શનિવારે તેમના પ્રતિનિધિઓ આવ્યા અને અડધી રજાની માગણી કરી. અડધી રજા આપી શકાય તેમ ન હોવાથી સરે ના પાડી. આથી કર્મચારીઓએ સર પર પક્ષપાતનો આક્ષેપ મૂક્યો, વસિષ્ઠને અડધી રજા કેમ મળે છે?'

સરે વસિષ્ઠને બોલાવ્યો અને પૂછ્યું, 'તમે શનિવારે ક્યાં જાઓ છો?'

તેણે કહ્યું, 'સર, મારા વતનમાં શનિવારે ત્રણ વાગે મને મારા ગામની એક જ બસ મળે છે.'

'તમે પરણેલા છો? '

'ના, તમારા વતનમાં તમારું કોણ છે?'

'મારાં માતુશ્રી... પિતાશ્રી નથી?'

'ના... હું એક વર્ષનો હતો ત્યારે ગુજરી ગયા છે અને માતા અહીં આવવાની ના પાડે છે. તે કહે છે કે નવ વર્ષની હતી ત્યારે સાસરે આવી છું, હવે મારે આ ઘર છોડવું નથી.. કૉલેજમાં આવ્યો ત્યારે અચૂક શનિવારે બા પાસે પહોંચી જાઉં. આ ક્રમ છેલ્લાં દશ વર્ષથી ચાલ્યા કરે છે.' જવાબમાં દૃઢતા હતી. સાહેબે બધા કર્મચારીઓ સામે જોયું. બધા હળવે હળવે વિખરાઈ ગયા.

થોડા મહિના પછી ઑફિસની સ્ટેનોગ્રાફર ભારતીએ આવીને રાજીનામું આપી દીધું. સાહેબ ચમક્યા કે આટલી હોશિયાર સ્ટેનોગ્રાફર નહિ મળે એ વિચારે તેમણે પૂછ્યું. રાજીનામું કેમ આપો છો?'

'હું પરણવાની છું.'

'તેમાં રાજીનામું આપવાની શી જરૂર છે?' સાહેબે પૂછ્યું.

'હું પરણી ગામડે સાસુ પાસે રહેવા જવાની છું.'

'તમારા પતિ શું કરે છે?'

'આપણી ઑફિસમાં નોકરી'.

'કોણ એ વસિષ્ઠ?'

ભારતી કહે, હા...' સાહેબ સ્તબ્ધ થઈ ગયા.'

ભારતી સુખી ઘરની દીકરી હતી. શહેરમાં એનું ઘર હતું. તેના પાણિગ્રહણ માટે કેટલાય યુવાનો ઉત્સુક હતા છતાં ભારતીએ દૂરના ગામડામાં જવાનું કેમ સ્વીકાર્યું હશે? વસિષ્ઠને સરે બોલાવ્યો ન કહ્યું, 'અરે! તમે કોઈ યુવતીની સામેય જોતા નથી એવો મારો ખ્યાલ છે, પણ તમે તો બહુ પાકા નીકળ્યા'.

વસિષ્ઠે શાંતિથી જવાબ આપ્યો, 'સર! ભારતીને સમજાવો, એ મને પરણવાની હઠ છોડે.'

સર મૂંઝાયા. ભારતીની સામે જોઈને પૂછ્યું, 'તારા પિતાજીએ સંમતિ આપી છે?'

ભારતીએ કહ્યું, 'સર! સમર્પણમાં પિતાજીની પૂર્ણ સંમતિ છે.'

એક દિવસ ખુદ વસિષ્ઠ રાજીનામાનો કાગળ લઈ આવ્યો. આ જોઈ સાહેબ બોલ્યા, 'વસિષ્ઠ! તું પૂરી મુર્ખાઈ કરે છે, આવી નોકરી ફરી નહિ મળે.' આમ કહીસાહેબે રાજીનામાનો કાગળ એના તરફ પાછો નાખ્યો.

વસિષ્ઠ બોલ્યો, 'સાહેબ! નોકરી તો કદાચ ફરી મળશે. પણ મા નહિ મળે.' તેની હાલત ગંભીર છે, માંદગી છ માસ લંબાય કે બાર માસ તેનો કોઈ ખ્યાલ ન આવી શકે.'

ઘણાં વર્ષો બાદ તે સાહેબની ઉંમર ૮૦ વર્ષની થઈ. તેમને એક દીકરો હતો. સામે પુત્રવધૂએ અણબનાવના કારણે છૂટાછેડાનો દાવો માંડ્યો. વૃદ્ધ સાહેબને કોર્ટના ધક્કા ખાવા પડતા. એક વખત અદાલતમાં વસિષ્ઠ આવી ચડ્યો. ત્યાં એને ન્યાયાધીશની પદવી મળી. સાહેબ કોર્ટમાં આવીને બેઠા. જજની આકૃતિ પરિચિત ભાસી, પણ ઓળખી શક્યા નહિ. જ્યારે જજ સાહેબ તેમને ઓળખી ગયા ને હસ્યા. પુત્રની અપીલ નીકળી અને વસિષ્ઠે તે અપીલ બીજા જજ પાસે મૂકવા જણાવ્યું તથા જમવાનું આમંત્રણ આપ્યું.

વસિષ્ઠ વૃદ્ધ સાહેબને મોટરમાં બેસાડી પોતાના ઘરે લઈ આવ્યો. વૃદ્ધની શરીરસ્થિતિ બદલાઈ ગઈ હતી,


અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786



શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

વસિષ્ઠની પણ બદલાઈ ગઈ હતી, પણ મનઃસ્થિતિ જરા પણ નહોતી બદલાઈ. મોટર બંગલા પાસે આવી ઊભી. અંદર રહેલી આદર્શ ગૃહિણી બંગલાનાં દ્વાર પાસે આવી, તરત જ ઓળખી ગઈ કે આ તો આપણા સાહેબ છે. સાહેબને હવે ખબર પડી કે આ વસિષ્ઠ છે.

તરત જ સાહેબ બોલ્યા, 'બેટા ભારતી! ગામડેથી શહેરમાં આવી પહોંચી ખરી!' 'આપના શુભાશિષથી'. ભારતીએ ટૂંકમાં જવાબ આપીને કહ્યું. બા સ્વર્ગવાસી થયા પછી અમે અહીં આવ્યા, એમણે વકીલાત શરૂ કરી. પછી જજ થયાં.'

વસિષ્ઠ બોલ્યો, 'ભારતીને મેં ઘણીં સમજાવી, પણ તે માની નહિ. પરણીને બા સાથે રહી. બાની માંદગી લંબાતી ચાલી. ભારતી અનન્ય ભક્તિથી તેમની સેવા કરતી હતી.

એક દિવસ બાએ કહ્યું, આજે વેડમી બનાવો. ભારતીએ બનાવી તથા બા આગળ થાળી પીરસી. બાએ આખી થાળી પર નજર ફેરવીને ધીરેથી કહ્યું, લાડુ ખાવા છે ભારતીએ લાડુ બનાવ્યા ને બાને આપ્યા. બાએ કહ્યું, પુડલા બનાવો. આ ક્રમ રાતના નવ વાગ્યા સુધી ચાલ્યો. જ્યારે છેલ્લે થાળ પીરસ્યો ત્યારે સંતોષથી બા હસ્યાં. ભારતીને પાસે બેસાડી હાથ ફેરવવા લાગ્યાં. પરીક્ષા પૂર્ણ થઈ ગઈ હતી. બાએ કહ્યું, 'બેટા! મારે શું જમવાનું હતું? હું તો તારી છેલ્લી પરીક્ષા કરતી હતી. દીકરો તો શ્રવણ જેવો છે, પરંતુ તું તો એનાથી પણ ચડી જાય તેવી છો, બેટા! મને ખૂબ જ સંતોષ છે. તમે ખૂબ જ સુખી થજો. વસિષ્ઠની સામે જોઈ બાએ કહ્યું, 'બેટા! તારા જેવો પુત્ર અને ભારતી જેવી વહુ પામી હું સંપૂર્ણ તૃપ્તિ પામી છું તમે મારા, તમને અંતરના આશીર્વાદ છે કે આવાં જ પુત્ર અને વહુ તમને મળજો. સેવા કરનાર આશીર્વાદના અધિકારી બને છે.

આટલું બોલતાં બાએ અંતિમ શ્વાસ લીધા. વસિષ્ઠ તથા ભારતીની આંખો ભીની થઈ ગઈ. સાહેબની આંખો પણ ભીની થઈ ગઈ. તેમને થયું કે આ પણ છે અને મારી પુત્રવધૂ પણ છે. બન્ને વચ્ચે કેટલો તફાવત છે. વસિષ્ઠે સાહેબને આશ્વાસન આપ્યું તથા સહાય કરી.

માતા તરફ કેવો આદરભાવ હોય તેનો આ ઉત્તમ દાખલો છે. આવો ભાવ સંતાનોમાં આવે તો વડીલોના કેટલા આશીર્વાદ મળે?

***('જૈન પ્રકાશ'માંથી સાભાર)***

# દ્વિતીય પૂણ્યતિથી એ ભાવભીની શ્રધ્ધાંજલિ



## સ્વ. લીલબાઈ જેઠાભાઈ મોમાયા

**દેહ વિલય : તા. ૨૧-૧૦-૨૦૧૧**

જનનીની જોડ સખી નહીં જડે રે લોલ, અંજલિ આપતાં હૈયું તૂટે છે, શ્રધ્ધાંજલિ લખતાં શબ્દો ખૂટે છે,
છોડયો તમે સંસાર, અમે મજબુર થઈ ગ્યાં..... જોઈતો હતો સાથ, પણ તમે દૂર થઈ ગ્યાં.....

**શોકાતુર**

**પુત્ર-પુત્રવધુ : ધનલક્ષ્મી નવિન મોમાયા, પુષ્પા અનિલ મોમાયા**
**દિકરી-જમાઈ : હિરાબેન વિજય લોડાયા, ઈંદીરાબેન વીરચંદ ખોના, નિર્મલાબેન મહેન્દ્ર સાયલા (શાહ)**
**પૌત્ર-પૌત્રવધુ : અંકિતા હિતેશ મોમાયા, ભાવિન અનિલ મોમાયા**
**પૌત્રી-જમાઈ : અંજલિ જીગર ભગત**
**પર પૌત્ર : તક્ષ હિતેશ મોમાયા**
**દોહિત્ર : સેજલ નયન વિરચંદ ખોના**
**દોહિત્રી : નીતા કિરીટ મૈશેરી, હર્ષા તેજસ ગાલા, હેતલ રાજેશ નાગડા**
**પર દોહિત્ર-દોહિત્રી : ધવલ, મીત, વ્રજ, નિયતી, ક્રિશ**

## : છ'રી પાલક યાત્રામાં જોડાવવા માટેનું ફોર્મ :

ફોટો અહીં ચીટકાડવો

આરાધકનું સંપૂર્ણ નામ : ____________________
પોતાનું નામ પતિ/પિતાનું નામ દાદાનું નામ અટક

ઉંમર : ________ જન્મ તારીખ : ________________ સ્ત્રી/પુરૂષ

ગામ/મૂળ વતન : ____________________ લોહીનું ગ્રુપ : ____________

ઘરનું સંપૂર્ણ સરનામું : ______________________________

______________________________

ફોન નંબર : (ઘર) __________ (ઓફીસ) __________ મોબાઈલ : __________

E-mail Id : ____________ વ્યવહારીક અભ્યાસ : ________ ધાર્મિક અભ્યાસ : ________

પહેલા છ'રી પાલીત સંઘમાં ગયા છો ? ____ કેટલી વાર ? ______ ક્યારે ______ કયા સંઘમાં ________

જીવનમાં શત્રુંજયની યાત્રા કરેલ છે. હા/ના ● જીવનમાં શ્રી ગીરનારજી તીર્થની યાત્રા કરેલ છે. હા/ના

● ચાલવાની ગતિ : ફાસ્ટ/ધીમે/મધ્યમ ● અત્યારે કોઈ તપસ્યા ચાલુ છે : ________ ● કોઈ બિમારી : હા/ના

● કઈ બિમારી : ____________ ● હાલમાં કાયમી કોઈ દવા ચાલુ છે તો કઈ ? ____________

ઈમરજન્સી સંપર્ક માટે આપના નજીકના સગાના ફોન નંબર :

(૧) ____________________ (૨) ____________________

આપના પરીવારમાંથી અન્ય કોઈ સભ્ય સંઘમાં જોડવાના છે ? નામ

(૧) ____________________ (૨) ____________________

યાત્રા અંગેના સુચનો / નિયમોનું હું ચુસ્ત રીતે પાલન કરીશ. યાત્રીકના હસ્તાક્ષર ____________

## ડોંબીવલી સ્થિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ જિનાલયે પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી

### પર્યુષણ મહાપર્વ અને ચૈત્ય પરિપાટી - ૨૦૧૩

શ્રી લારકીન્સ નગર-ડોંબીવલી સ્થિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ જિનાલયે પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી થયેલ. શ્રી કલ્પસુત્ર પોથી, ૧૪ મહા સ્વપ્ન, પ્રભુજીનું પારણું તેમજ જિનાલય દ્વાર ઉદ્‌ઘાટન જેવા અતિ ઉત્તમ લ્હાવા લક્કી ડ્રો દ્વારા ભાગ્યશાળી પરિવારોને આપવામાં આવ્યા.

શ્રી પયુર્ષણ મહાપર્વ દરમ્યાન માસક્ષમણ, અઠ્ઠાઇ તેમજ વિવિધ ધર્મ આરાધનાઓ થઇ. તેમજ પર્યુષણ પર્વ બાદ ચૈત્યપરિપાટી નું આયોજન થયેલ. જેમાં ૧-બસ દ્વારા ૬૦ યાત્રિકોએ સહર્ષ ભાગ લીધેલ. તપસ્વીઓને નિ:શુલ્ક ચૈત્ય પરિપાટી યાત્રા કરાવવામાં આવી. શ્રી આદેશ્વર ધામ, શ્રી મહાવીર ધામ, શ્રી નાકોડા ધામ, શ્રી કોસબાડ ધામ, શ્રી તલાસરી જેવા ભવ્ય તિર્થોના પંચ તિર્થ દર્શન કર્યા સમગ્ર આયોજન જેમાં નવકારશી, સાધર્મિક ભક્તિ, સાંજનું ચૌવિહાર અને બસના સહયોગી દાતાશ્રીના સહયોગથી શક્ય બન્યું.

સવારની નવકારશી - માતુશ્રી હિમાબાઈ પુનશી છેડા (સુથરી-મુલુન્ડ)

બપોરની સાધાર્મિક ભક્તિ - માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા (વરાડીયા-માટુંગા)

સાંજનું ચૌવીહાર- માતુશ્રી પ્રેમીલાબેન ભવાનજી કુંવરજી મોમાયા હસ્તે-ભઠારા પરિવાર (નલીયા)

બસના સહયોગી દાતા : શ્રી ડુંગરશી મુળજી મોતા પરિવાર (તેરા) અને એક સુશ્રાવીકા (મુલુન્ડ)

*દિવસે ને દિવસે આરાધનાઓ વધતી જાય, લોકો જૈન ધર્મનું આચરણ કરતા જાય એ વિચાર ધારાએ...*

જય જિનેન્દ્ર!
મિચ્છામી દુક્કડમ્ !!

– શ્રીમતી જીજ્ઞા વિજય છેડા (સુજાપુર)
શ્રી લારકીન્સ નગર (ડોંબીવલી)

|| શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ || || શ્રી સુવિધિનાથાય નમઃ || || શ્રી મુનિસુવ્રતસ્વામીને નમઃ ||

|| નમો નમઃ ગુરુશ્રી ગુણસાગર સૂરયે ||

# સૌ ચાલો ગિરનાર જઈએ....

**જગમાં તીરથ દો વડા, શત્રુંજય – ગિરનાર એક ગઢ ઋષભ સમવસર્યા, એક ગઢ નેમ કુમાર....**

# શ્રી અચલગચ્છ જૈન સંઘ – ડોંબિવલી

**આયોજિત**

## શ્રી શત્રુંજય મહાતીર્થેથી શ્રી ગિરનારજી મહાતીર્થના છ'રી પાલક સંઘ

**: સંપૂર્ણ સંઘના લાભાર્થી સંઘપતિ પરીવાર :**

## સંઘપતિ શેઠ શ્રી કેશવજી વેલજી ગડા

**હ. સંઘમાતા માતુશ્રી ખેતબાઈ કેશવજી વેલજી ગડા (કચ્છ - નાના રતડીયા)**

**શ્રી શત્રુંજય તીર્થેથી પ્રયાણ : પૌષ સુદ – ૨ તા. ૦૨–૦૧–૨૦૧૪ ગુરૂવાર**
**શ્રી ગિરનારજી તીર્થે સંઘમાળ : પૌષ સુદ – ૧૩ તા. ૧૩–૦૧–૨૦૧૪ સોમવાર**

દિવ્ય કૃપા દાતા : શાસનસમ્રાટ્, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
શુભ નિશ્રા : તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
સાહિત્યદિવાકર પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
આદિ અચલગચ્છીય વિશાળ શ્રમણ–શ્રમણી વૃંદ

### : છ'રી પાલક સંઘના છ'રીના નિયમો :

(૧) **પાદચારી :** દરરોજ અંદાજિત ૧૨/૧૫ કિલોમીટરનું પગે ચાલી વિહાર કરવાનું રહેશે.
(૨) **આવશ્યકકારી :** સામાયિક, પ્રતિક્રમણ, સ્નાત્રપૂજા, જિનવાણી આદિ આવશ્યક ક્રિયાઓ જરૂરી રહેશે.
(૩) **સચિત પરિહારી :** કાચું પાણી પીવું નહીં, કાચા ફળો વગેરેનો ૪૮ મીનીટ પછી એકાસણામાં ઉપયોગ કરવો.
(૪) **એકલ આહારી :** ઓછામાં ઓછું એકાસણાનું પચ્ચક્ખાણ જરૂરી રહેશે (વરસીતપવાલા માટે જ બ્યાસણાની સગવડ રહેશે)
(૫) **ભૂમિ સંથારી :** રાત્રે જમીન ઉપર સંથારો પાથરીને નિદ્રા કરવી. ગાદલા આદિનો ઉપયોગ કરવો નહીં.
(૬) **બ્રહ્મચારી :** મન-વચન-કાયાથી સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવાનું રહેશે.

❖ સંઘ દરમ્યાન અંતરાય (M.C.) નો સમય આવતો હોય તો બહેનોએ ફોર્મ ન ભરવા વિનંતિ.
❖ તા. ૩૧-૧૨-૨૦૧૩ ના બપોર સુધી યાત્રીકે પાલીતાણા પોતાની રીતે પહોંચી આવવાનું રહેશે અને તા. ૧૩-૧-૨૦૧૪ સંઘમાળ બાદ પોતાની રીતે પાછું આવવાનું રહેશે. આવવા-જવાનું ખર્ચ આપવામાં આવશે.
❖ ફોર્મ સાથે એક ફોટો ચીટકાવી બીજો એક ફોટાની પાછળ નામ લખી સાથે આપવાનું રહેશે.
❖ ફોર્મ તપાસણી બાદ ફોર્મ પાસ થયેલ હશે તો આપને ફોન મારફત જાણ કરવામાં આવશે, ત્યારે ડીપોઝીટ રૂા. ૫૦૦/- ભરી જવાની રહેશે જે સંઘ પૂર્ણ થયા બાદ ગીરનારમાં પરત મળશે.
❖ સામેના પાના પર આપેલ ફોર્મની ઝેરોક્ષ કરાવી નીચેના સ્થળોએ પેઢીમાં તા. ૩૧-૧૦-૨૦૧૩ પહેલા આપી જવું અથવા કુરીયરથી ડોંબિવલીના સરનામે મોકલવું.

| શ્રી અચલગચ્છ જૈન સંઘ – ડોંબિવલી | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન |
|---|---|
| શ્રી સુવિધિનાથ દેરાસર, માનપાડા રોડ, ડોંબિવલી (ઈસ્ટ). ફોન નં.: ૦૨૫૧–૨૪૪૯૬૦૫ | શ્રી અનંતનાથજી જિનાલય નરશી નાથા સ્ટ્રીટ, મસ્જીદબંદર, મુંબઈ. |

**વિશેષ માહિતી માટે સંપર્ક :**

**શાંતીલાલ વીરા – 9324186113 ❖ પ્રવિણ લોડાયા – 9820565261**

## વનિતા વિશ્વ : દીકરી : એક શમણું - પોતાનું તોયે પારકું, પારકું તોયે પોતાનું

'દિકરી' દીકરી નામે શમણું. દીકરી શમણું છે. દીલમાં જન્મેલું, આંખમાં આંજેલું અને પાણીમાંની પોયણીની જેમ ઊર્મિમાં ઊછરેલું શમણું. દરેક મા-બાપનું શમણું. તો આંસુના વહેણમાં અને વિયોગમાં થીજી ગયેલું આંસુ, તે શમણું.

દીકરી જન્મે છે તે ઘરના આંગણે જાણે કોમળ કિરણોની કોમળતા અવતરે છે. તેની આંખોમાં વિસ્મય લહેરાતો હોય છે. તેના કોમળ હાથ - પગ જાણે વૃક્ષોની ડાળી, તેની કોમળ આંગળીઓ જાણે વાસંતી વાયરામાં ડાળ પર વસંતની લહેરાતી કોમળ કૂંપળો. તે ચંચળતા જીવતી રહે છે. તે ખુશ્બુ ઘરે છે, તે રડે ને મન ઉદાસ. તે હસે ને મનમાં વસંત ખીલી ઊઠે છે. ને 'દિકરી' મોટી થતી રહે છે. હવે ખોળામાં સમાતી નથી. ગોદ પછી ઘર, પછી આંગણું નાનું પડવા લાગે છે. તેનાં પગલાં હવે આંગણાની બહાર જવા આતુર બની જાય છે.

આમ પણ દીકરી જન્મવા સાથે જ એક સફરની શરુઆત થઈ જાય છે. તે સફર એટલે ઘરથી દૂર થવાની સફર, મા-બાપના ઘરથી પતિના ઘર સુધીની મંઝિલ. એ લકીર બહુ જ ઝાંખી હોય છે, પણ, ક્રમશઃ સ્પષ્ટ બનતી ચાલે છે અને તે અહેસાસ મા બાપના મનમાં ઘૂંટાતો રહે છે. સતત ઝાંખી લકીર વધુ ને વધુ તાદશ્ય થતી રહે છે, અને દીકરીની ઉમર વધતી ચાલે છે. પ્લે સેન્ટર, પ્રાથમિક-માધ્યમિક સ્કૂલ, કોલેજ, કદાચ નોકરીની શરુઆત. આ દરેક મુકામો ક્રમશઃ દૂરીની લકીર ખેંચતા ખેંચતા દૂરીની, જુદા પડવાની ખુબ નજીક લાવી દે છે.

અને તે સાથ સાથનાં છેલ્લાં વર્ષોના સમયમાં પણ દીકરી તો કદાચ હજી તેની મસ્તીમાં છે. પણ પોતાની હથેળીમાંથી બીજાની હથેળીને સોંપવાનો સમય આવી રહ્યો છે તે અહેસાસ, તે ઘુંટન, તે મૌન, રુદન માબાપનાં હૈયાંને પીડી રહ્યું છે. વધુ ને વધુ.

અને દીકરીને ખોટું ન લાગે માટે તેની થતી ભૂલ માટે કરાતો સહજિક ઠપકો પણ હવે કરવા માટે મન અચકાય છે. તેની અપ્રત્યક્ષ કોઈ ફરમાઈશ પૂરી કરવા મન આતુર બની જાય છે.

'હવે આપણી સાથે કેટલા દિવસે' તે ભાવ તેમના દરેક વર્તનમાં વ્યક્ત થતો રહે છે. 'કોને ખબર કેવું ઘર મળશે' નું માનસ હવે સમયના આ ટુકડામાં બધી ખુશી, તેની બધી ઈચ્છાઓ પૂરી કરવા આતુર બની જાય છે. દીકરી આટલી મોટી થઈ ગઈ, ખબર પણ ન પડી તે ભાવથી મન છલકાય છે.

વાંચતાં વાંચતાં દીકરી તેની પથારીમાં સૂઈ ગઈ છે, લાઈટ ચાલુ છે નાઈટ ડ્રેસ બદલાવ્યો નથી, ઠંડી હવાને રસ્તો કરી આપતી બારી ખૂલ્લી રહી ગઈ છે. પુંરુ ઓઢયું પણ નથી. પથારીમાં મોબાઈલ. ટીવીનું રિમોટ કન્ટ્રોલ પડયાં છે... પહેલાં ગુસ્સે થઈ. ઉઠાડીને બધું વ્યવસ્થિત કરીને સુવે તેવો આગ્રહ રાખતી મા હવે તેમ નથી કરતી. આગ્રહ પણ હવે નથી રાખતી.

દીકરીની ઊંઘને ખલેલ ન પહોંચે તે રીતે પુસ્તક હળવેથી તેના હાથ નીચેથી સેરવી લે છે. અવાજ ન થાય તેમ બારી બંધ કરી દે છે, ઓઢણ વ્યવસ્થિત કરે છે, મોબાઈલ - રિમોટ કન્ટ્રોલ તેની જગ્યાએ મુકી દે છે અને છેલ્લે લાઈટની સ્વીચ ઓફ કરતાં પહેલાં પોતાની આંખ પર ચશ્માં પહેરી દીકરીની ખૂબ નજીક જઈ તેનો ચહેરો નિરાંતે નિહાળે છે. તેની સામેની જ પોતાની પથારીમાં લાઈટ બંધકરીને સૂઈ જાય છે ત્યારે ચશ્માં તો ઉતારી લીધાં હોય છે. પણ તેની આંખોએ આંસું પહેરી લીધાં હોય છે.

સવારે દીકરીનું વહેલું ઊઠવું જરુરી છે પણ હવે તેની ઊંઘને ખલેલ પાડવી ગમતી નથી. ક્યારેક ઊશ્કેરાઈ જતી મા હવે ધીમા અવાજે ઉઠાડતાં કહે છે, દીકરી, ઉઠ, મોડું થઈ ગયું છે.

ગુસ્સે થતા તેમાં પ્રેમ તો હતો જ પણ હવે આંગણે આવી ઊભેલી દૂરીમાં, વિદાયમાં તે વ્યાજબી, વ્યવહારુ ગુસ્સો પણ કરવો ગમતો નથી. હવે લાગણીનો સાગર કિનારા તોડી, તેની સાથ સાથના સમયને ભર્યો ભર્યો બનાવી દેવા આતુર છે. કિનારા તોડી છલોછલ વહેવાનો ઉન્માદ છે. અને હવે એક નવું મન જિવાઈ રહ્યું છે. દીકરી કેટલા દિવસ સાથે? જિંદગીભર તો દોડવાનું જ છે ને. સાસરે તો જવાબદારી નિભાવવાની જ છે ને. તેની સાથેના આ મુકામનો પ્રેમ, દરકાર, પ્યાર, પોતાપણાથી ભરી દેવા, સજાવી દેવા દિલ આતુર છે. આ નિરાંત આ પ્રેમ, આ દરકાર પછી મળે ન મળે. તે મળશે તેના વિશે સાશંક નથી પણ પ્રીત આપ છલકાવું છે. છલકાઈ જવું છે.

અને લગ્નનાં ચોઘડિયાં જોવડાવાય છે, લગ્નની તિથી નકકી થાય છે. પ્રસંગની તૈયારી છે, વ્યસ્તતા

**અનુસંધાન ૧૭માં પાને**

||નમામિ જ્ઞાતિ મૈયે||

# Shree Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

ઓફીસઃ કે/ઑ. તન-મન ટુર્સ, સેક્રેટરી જનરલ, ૧૯/૨૦ ભુજબળ નિવાસ,
જવાહરલાલ નેહરુ રોડ, મુલુંડ વેસ્ટ મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૯૦૩૫૧૪ /૧૫/૧૬ ઈમેલ : samastamahajan@yahoo.com

## તિથી - તારીખ કૅલેન્ડર - ૨૦૧૪

જય જિનેન્દ્ર

જ્ઞાતિજનોજોગ,

ગત વર્ષની જેમ આ વર્ષે પણ તીથી - તારીખ સાથેનું જ્ઞાતિના જિનાલયો અને અન્ય વિશિષ્ટ માહિતીપ્રદ, અચલગચ્છીય સમાચારીને અનુરૂપ ૧૨ પાનાનું આર્ટ પેપર પર રંગીન આકર્ષક કૅલેન્ડર જ્ઞાતિ દાતાઓને સહયોગે પ્રસિધ્ધ કરવામાં આવશે.

જ્ઞાતિ એકતા, જ્ઞાતિની એક ઓળખ ને અનુરૂપ એક જ્ઞાતિ એક કેલેન્ડર જ જ્ઞાતિ સ્તરે પ્રસિધ્ધ થાય તે માટે ગત વર્ષ પણ પ્રયાસ કરાયેલ અને એને સુંદર પ્રતિસાદ પણ પ્રાપ્ત થયેલ. પણ ગત વર્ષ શરૂઆત હતી. મોડા પડયા હતા. એક થી વધૂ કેલેન્ડરો પ્રસિધ્ધ પણ થયા, પણ આ વખતે એકજ કેલેન્ડર પ્રિસિધ્ધ થાય અને તેમાં સૌનો સંપૂર્ણ સહયોગ મળી રહે એ માટે આપના દ્વારા અપાયેલ કૉલ ને યાદ આપાવવા ફરી એકવાર આ જાહેર વિજ્ઞપ્તિ દ્વારા આ અપીલ કરીએ છીએ.

માહિતી રસપ્રદ, સચોટ અને ઉપયોગી બની રહે તે માટે આપના સુચનો-સલાહ-માર્ગદર્શન માત્ર આવકાર્ય જ નહીં બલકે અનિવાર્ય છે. તો ઝડપ કરશોજી.

જા. ખ મર્યાદિત લેવાની હોઈ ઉપરાંત ગત વર્ષના સહયોગીઓ માંથી મોટા ભાગના ફરીથી જા.ખ આપવા ઉત્સુક હોવાથી થોડાજ નવા નામ લઈ શકાય તેમ છે જોકે જુના સહયોગી પોતે ઈચ્છે છ કે નવા નામો ઉમેરાય તો પોતે હટી જવાની તૈયારી સુદ્ધા દર્શાવેલ છે. આ તક ઝડપી લેવા નવા સહયોગીઓને આમંત્રણ છે.

વિનંતી કરવાની કે વ્યક્તિગત રીતે કે સંસ્થાઓ દ્વારા આવા પ્રકારના કેલેન્ડરો પ્રસિધ્ધ કરવાની ભાવના હોય તો તેમણે જ્ઞાતિ એકતા ધ્યાનમાં રાખીને સ્વતંત્ર કેલેન્ડરો પ્રગટ કરવાનું હવે થી બંધ કરી, આપની વ્યક્તિગત - સંસ્થાની ઓળખ જા.ખ.રુપે સમસ્ત ના કેલેન્ડર માં છપાવી આપ પોતાની આ પ્રવૃત્તિ આડકતરી રીતે ચાલુ રાખો તે ઈચ્છીનીય છે. આ રીતે આપ આપની ઓળખ સાથે જ્ઞાતિ એકતા - અસ્મિતા ને પણ સમર્થન આપી શકશો !

કેલેન્ડર ની સાઈજ ૪૪ સે.મી. X જાર૨૯ સે.મી રહેશે

| જા.ખ માટેનો નકરો | ક્યાં | પ્રીન્ટીંગ એરીયા |
|---|---|---|
| 15000/-<br>11000/-<br>25000/- | ઉપરની તરફ<br>નીચેની તરફ<br>ઉપર-નીચે બન્ને એક સાથે | 26 c.m. x 7.5 c.m.<br>26 c.m. x 5 c.m. |

ઉક્ત નકરો આપ રોકડેથી કે પછી D.D., PAY ORDER અથવા સમસ્ત મહાજના અરિહંત બૅંક ના ખાતામા સીધા જમા કરાવી શકશો.

### જ્ઞાતિના પ્રીન્ટરોને અપીલ

ઉપર દર્શાવ્યા મુજબના કદના સારી ક્વોલીટીના જાડા આર્ટ પેપર પર મલ્ટીકલર પ્રીન્ટીગના લગભગ ૭૫૦૦/- કેલેન્ડરો છાપી આપી, જ્ઞાતિ મૈયાની સેવાની આ તક ઝડપીલેશોજી આપને કોટેશનો બંધ કવર મા તા. ૧૦ નવેમ્બર સુધી અમને કાર્યાલયે મળી રહે તે મુજબ મોકલી આપવા નિમત્રંણ છે.

કોટેશન આપતી વખતે સુંદર સફાઈદાર, ક્ષતિરહીત આકર્ષક મુદ્રણ, પેપરની ક્વાલેટી અને સમયબધ્ધતા સાથે સાથે આ પૈસા

સેક્રેટરી જનરલ
ચીમન મોતા

**સૌ જ્ઞાતિજનોને દિપાવલી પર્વની હાર્દિક શુભેચ્છાઓ**

# દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકમ

**માતુશ્રી જવેરબાઇ ધનજી કલ્યાણજી ધરમશી કચ્છી ભવન**

Estd. 1978


૪૪-બી, પહેલો મેઇનરોડ, મિની ફોરેસ્ટની સામે, જેપી નગર, ૩જો ફેઝ, બેંગલોર - ૫૬૦ ૦૭૮. ટેલિ: ૦૮૦-૨૬૫૮૬૭૯૮/૯૯

email: ddkdo.jainekkam@yahoo.in


## હાર્દિક અભિનંદન-અનુમોદના સાથે ધન્યવાદ

**કચ્છી ભવનમાં એકમની ઓફિસ માટેનો નકરો**

**રૂા. ૧૧,૦૦,૦૦૦ (રૂ. અગિયાર લાખ)ના સંયુક્ત દાતાશ્રીઓ**

**શ્રી મણિકાન્ત મેઘજી દેવશી મોમાયા, વરાડિયા-હૈદરાબાદ તથા શ્રી સતીશ દેવજી આણંદજી શાહ (મૈશેરી), નલિયા-બેંગલોર**

**કચ્છી ભવનની રૂમોનો નકરો: દરેકનો રૂા. ૨,૫૧,૦૦૦**

**શા. દિનેશ મુલજી ગંગાજર પીર (લોડાયા) પરિવાર, નલિયા-બેંગલોર**

**શ્રીમતી રાજબાઇ પદમશી ખીમજી મોતા પરિવાર હસ્તે ગુલાબચંદભાઇ, કુઆપધર-હૈદરાબાદ**

**માતુશ્રી ચંપાબાઇ હેમરાજ પુનશી મૈશેરી પરિવાર, જખૌ-હૈદરાબાદ**

**માતુશ્રી સોનબાઇ મુલજી ખેતશી મોમાયા (પટેલ) પરિવાર હસ્તે રાજુભાઇ, સાંયરા-હૈદરાબાદ**

**અગાઉનાં કચ્છી ભવનનાં દાતાઓની વિગત**

**ભવનનાં નામ:** માતુશ્રી જવેરબાઇ ધનજી કલ્યાણજી ધરમશી, સુથરી-બેંગલોર

**ભૂમિદાતા:** માતુશ્રી માલતીબેન કાંતીલાલ લક્ષ્મીચંદ ફુરુવા, ગોધરા-બેંગલોર

**મેઇન હોલ:** માતુશ્રી રમાબાઇ પ્રેમજી લાલજી લોડાયા, વારાપધર-હૈદરાબાદ **ડાઇનિંગ હોલ:** શ્રી ભરત ભાણજી દેવજી ખીમજી, તેરા-હુબલી

**મેઝેનાઇન ફ્લોર:** માતુશ્રી નવલબેન દેવજી આણંદજી શાહ (મૈશેરી) નલિયા-બેંગલોર

**રસોઇ ઘર:** શ્રી નવીનચંદ્ર મુલજી શામજી સોનાવાલા, નલિયા-બેંગલોર

---

**ઇલેવટર નં. ૧: શ્રી પદમશી લધાભાઇ નેણશી સોની તથા શ્રી જયંત ભવાનજી કાનજી સોની, સુથરી-મુંબઇ**

**ઇલેવેટર નં. ૨: શ્રીમતી કસ્તૂરીબાઇ મુલજી કલ્યાણજી દંડ, લાખણિયા-નવી મુંબઇ**

**પ્રથમ માળની વિંગ: શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, હુબલી**

**બીજા માળની વિંગ: શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, બેંગલોર**

**ત્રીજા માળની વિંગ: શ્રીમતી લતાબેન મણિકાંત મેઘજી મોમાયા, વરાડિયા-હૈદરાબાદ (ગૌરવ કેટરર્સ)**

**જનરેટર દાતા: શ્રીમતી સુશીલા દિનેશચંદ્ર કુંવરજી લોડાયા, સાંયરા-ગદગ**

---

**પ્રથમ માળની રૂમો**

૧. માતુશ્રી આશબાઇ રાઘવજી હીરજી લોડાયા - બાંઢિયા-અમદાવાદ હસ્તે વીરેન્દ્રભાઇ

૨. માતુશ્રી ભમલબાઇ પદમશી પુંજાભાઇ પીર (લોડાયા), સુથરી-ડોંબિવલી હસ્તે કુલીનભાઇ

૩. શા. ભવાનજી અરજણ લધાભાઇ ભેદા, વારાપધર-મુંબઇ હસ્તે માણેકજીભાઇ

૪. માતુશ્રી ચંપાવતી ડુંગરશી નરશી મોમાયા, સાંયરા-મુંબઇ હસ્તે મહેન્દ્રભાઇ

૫. શ્રી ધીરજલાલ ટોકરશી લાલજી કાપડિયા, પત્રી-હૈદરાબાદ

૬. માતુશ્રી દીમુબાઇ પદમશી ધેલાભાઇ મોતા, નલિયા-બરગડા-કાલિકટ હસ્તે મુલચંદભાઇ

૭. શ્રીમતી હંસાબાઇ હીરાચંદ અરજણ કાનજી પટેલ, બાંઢિયા-ડોંબિવલી

૮. માતુશ્રી હીરાબાઇ જયચંદ ડુંગરશી શાહ (નાગડા) નલિયા-મુંબઇ હસ્તે નરેન્દ્રભાઇ

૯. શ્રીમતી હેમલતા વલ્લભજી હીરજી શાહ (સંગોઇ), કપાયા-ચેન્નાઇ હસ્તે વલ્લભજીભાઇ

૧૦. શ્રી હિતેશ માણેકજી કેશવજી મોતા, રાપર-મુંબઇ

૧૧. માતુશ્રી ઇન્દુબેન વીરચંદ નારાણજી પટેલ (નાગડા), નલિયા-હુબલી હસ્તે પ્રજેશભાઇ

૧૨. માતુશ્રી જવેરબાઇ લાલજી મોતા, વારાપધર-હૈદરાબાદ હસ્તે ધનપતભાઇ

૧૩. શ્રી જયંત ભવાનજી કાનજી સોની, સુથરી / મુંબઇ

૧૪. માતુશ્રી કસ્તૂરીબાઇ દામજી ડાઘા, વરાડિયા-કોઇમ્બતુર હસ્તે અશોકભાઇ

૧૫. માતુશ્રી કુંવરબાઇ હીરજી મોમાયા, સાંયરા-હુબલી

૧૬. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, બેંગલોર

૧૭. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, હુબલી

૧૮. માતુશ્રી લક્ષ્મીબાઇ રાયચંદ કાનજી ધુલ્લા, સુથરી-મુંબઇ

## બીજા માળની રૂમો

૧૯. માતુશ્રી લક્ષ્મીબેન હીરજી કલ્યાણજી ખોના, નલિયા-મુંબઇ
હસ્તે ચીમનભાઇ

૨૦. શ્રી લક્ષ્મીચંદ ધનજી ખીંયશી ધરમશી, છાદુરા-હુબલી
હસ્તે પૂનમચંદભાઇ

૨૧. માતુશ્રી લીલબાઇ નારાયણજી શામજી મોતા, રાપર-હુબલી
હસ્તે યશપાલભાઇ

૨૨. માતુશ્રી માનબાઇ (મોંઘીબાઇ) ડુંગરશી ધનજી દંડ, તેરા-હુબલી
હસ્તે હીરાચંદભાઇ

